શ્રીસ્વામિનારાયણો વિજયતે

# पूर्णपुरुषाय नमः

## બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત
## તેમનાં નૂતન નૃત્યગીતોનું ઓડિયો આલ્બમ

## મંગલાચરણ

જેણે જાત ઘસી સદાય વિચરી, કીધું ભલું વિશ્વનું
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને, કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, ગાઈ કરું વંદના.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ જૈમિન વૈદ્ય, મિહિર પીઠડિયા, જુકેત પટેલ, અમેય દાતે, જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

ॐ पूर्ण पुरुषाय नमः

शताब्दियों में कभी-कभी, ये पृथ्वी धन्य हो जाती है,
जिसका जीवन ज्योति बने, उस ज्योति का जश्न मनाती है।
है प्रमुख स्वामी वो पूर्ण पुरुष, जिनकी ये जन्मशताब्दी है,
जिनके जीवन के उत्सव से ,सृष्टि महोत्सव मनाती है।
पूर्णमद: पूर्णमिदं पूर्णात् , पूर्णमुदच्यते,
पूर्णस्य पूर्णमादाय, पूर्णमेवावशिष्यते। ॐ पूर्णपुरुषाय नमः

विपत्तियों में साथ रहकर, दुनिया नई बसा दी है ,
टूटे बिखरे समाज को, आशा नई दिशा दी है । है प्रमुख स्वामी. १
पूर्णमदः...ॐ पूर्ण पुरुषाय नमः...

परिवारों के दर्द की ज्वाला, एक दवा से बुझा दी है,
घर घर में घरसभा से ,घर घर में खुशियाँ दी है। है प्रमुख स्वामी. २
पूर्णमदः... ॐ पूर्ण पुरुषाय नमः...

उज्ज्वल कल की आस जगाकर, श्रद्धा-ज्योत जगा दी है
जन जन के हृदयों में रहकर, भक्ति से पूर्णता दी है । है प्रमुख स्वामी. ३
पूर्णमदः... ॐ पूर्ण पुरुषाय नमः...

जलसृष्टि की लहरों के संग ,जलचर मनाए महोत्सव
भूतल पर हरियाली के संग, भूचर मनाए महोत्सव
नभ में तारों सितारों संग, नभचर मनाए महोत्सव
हम सब मनाए महोत्सव, विश्व मनाए महोत्सव,
सृष्टि मनाए महोत्सव... पूर्णमदः... पूर्ण पुरुषाय नमः, पूर्ण पुरुषाय नमः

कविः साधु ब्रह्मविहारीदास

गायकः शंकर महादेवन और गायकवृंद

સ્વામિનારાયણ નામ જપતાં, શ્રીજીને આગળ રાખી

ગુણાતીત સાધુતા હૃદયે, ભજન ભક્તિ સેવા દાખી

જેમાં, અક્ષરબ્રહ્મની ગુરુપરંપરા શાશ્વત રહી જીવંત...

એવા, સહજાનંદી સંત.... ગુરુ ગુણાતીત સંત...
પ્રમુખસ્વામી મહારાજની જય...
પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી-મહોત્સવની જય...

નાના મોટા સૌને સ્વીકારી, જીવન-રીત શિખાવી, સૌમાં સીંચ્યા શુભ સંસ્કાર

સાથી બનીને હામ ભરીને, સુખમાં  દુઃખમાં લીધી સૌની અંતરથી સંભાળ

જનજનની સેવામાં હર પળ કીધા સૌનાં કાજ
સર્વાંગી ઉત્થાન કરીને સ્થાપ્યો ભક્ત-સમાજ
સૌના સુખમાં નિજ સુખ માન્યું કીધાં કાર્યો દિગંત...
એવા, સહજાનંદી સંત.... ગુરુ ગુણાતીત સંત...
પ્રમુખસ્વામી મહારાજની જય...
પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય...

મંદિર બાંધ્યાં વિશ્વ સકલમાં, ધર્મ-નિયમ વળી ભક્તિ-ભજન ને ઉપાસનાનાં ધામ

સંતો બનાવ્યા શાસ્ત્રો રચાવ્યાં, સૌને સ્પર્શી હૃદયે હૃદયે  રચિયાં અક્ષરધામ

ધર્મ સનાતન પ્રસરાવીને વિસ્તાર્યો સત્સંગ
અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતનો ગુંજાવ્યો પડછંદ
અક્ષર રૂપે અખંડ પ્રગટ રહી દીધા ગુરુ મહંત...
એવા, સહજાનંદી સંત, ગુરુ ગુણાતીત સંત...
મહંતસ્વામી મહારાજની જય...
પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવની જય...

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ, ગાયકઃ શંકર મહાદેવન અને ગાયકવૃંદ

# शताब्दी समर्पण गीत

प्रमुखस्वामी की जन्मशताब्दी, एक निशान हमारा है,
गुरुऋण अनंत अदा करने, जीवन कुरबान हमारा है ॥ ध्रुव

गाँव गाँव घर घर विचरण कर सबको गले लगाया है,
प्रमुख स्वामी ने कष्ट सहन कर, दुःख से हमें बचाया है,
स्नेह दिया संस्कार ज्ञान से, जीना हमें सिखाया है,
जिये हमारे लिये प्रमुखजी, अब कर्तव्य हमारा है।
प्रमुखस्वामी की जन्म शताब्दी, एक निशान हमारा ॥ १

अभी नहीं तो कभी नहीं, यह अवसर फिर नहीं आना है,
सेवा का अवसर चूके तो, जीवनभर पछताना है
महंत स्वामी को राजी करके, जीवन धन्य बनाना हैं
स्वयं के लिए बहुत किया, अब एक ही काम हमारा हैं।
प्रमुखस्वामी की जन्म शताब्दी, एक निशान हमारा है॥ २

समर्पित हो, समर्पित हो, यही है एक निशान अपना,
प्रमुखस्वामी की महिमा का, हमें जयघोष है करना,
नहीं रुकना, नहीं झुकना, नहीं आराम अब करना,
महंत स्वामी के आशिष से, उन्हीं के पथ पर है चलना।
एक निशान, एक निशान, शताब्दी उत्सव एक निशान,
एक ही गान, एक ही तान, प्रमुखस्वामी पर सब कुरबान।
एक ही गान, एक ही तान, महंत स्वामी पर सब कुरबान।

कविः साधु विवेकशीलदास
गायकः शान और गायकवृंद

લંડન મંદિર રજત મહોત્સવ આવો આવો ઊજવીએ,

પ્રમુખસ્વામીએ ભેટ ધર્યું, એની જન્મશતાબ્દી ઊજવીએ.

પ્રમુખસ્વામીની જન્મશતાબ્દી આવો આવો ઊજવીએ. લંડન મંદિર. ધ્રુવ.

મંદિર મૂર્તિ નકશી સ્તંભો જોવા દુનિયા આવે છે,

સંસ્કૃતિ સેવા જ્યોત સહુના જીવનને પલટાવે છે;

પ્રમુખસ્વામીનું આ નજરાણું, મહિમા સહુને કહીએ. લંડન મંદિર. ૧

બાળ-યુવા-સત્સંગસભાઓ ઉત્સવ અહીં ઊજવાતા,

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના શંખનાદ પડઘાતા;

યોગી-પ્રમુખની પદરજથી આ તીરથભૂમિ કહીએ. લંડન મંદિર. ૨

સાગરપાર પ્રથમ આ મંદિર, સાત શિખરનું કહાવે,

મોંઘેરાં સન્માન શિલ્પનાં પુરસ્કાર લઈ આવે;

અખિલ વિશ્વમાં ગુંજી રહ્યો યશ પ્રમુખસ્વામીને દઈએ. લંડન મંદિર. ૩

પ્રમુખસ્વામીનું ઋણ કોઈથી કદી નહીં ચૂકવાશે,

સ્વામિનારાયણ પ્રગટ બિરાજે, મહંતસ્વરૂપે આજે;

દિવ્યભાવથી સેવા કરીને, અક્ષરપદવી લઈએ. લંડન મંદિર. ૪

કવિઃ સાધુ અક્ષરજીવનદાસ

ગાયકઃ અમેય દાતે અને ગાયકવૃંદ

प्रमुखस्वामी महाराज शताब्दी महोत्सव की जय
कोटी वन्दन प्रमुखस्वामीजी सकल विश्व के त्राता हो
दुखियारों के दुःखविमोचक परमानंद विधाता हो
बाल-युवा नर-नारी सब के तुम संस्कार के दाता हो
संस्कृतिधाम धरा पर अक्षरधाम के तुम निर्माता हो

बाजे बाजे बाजे, मृदंग बाजे बाजे, ढमके ढमके रे ढमके, ढोल ढमके रे ढमके

बाजे बाजे बाजे, मृदंग बाजे बाजे, ढमके ढमके ढमके, ढोल ढमके ढमके

मृदंग बाजे, ढोल ढमके, गुंजे शंख पखाज
प्रमुखस्वामी की जन्म शताब्दी सुर-नर वंदे आज... ध्रुव०
हिन्दू संस्कृति के ज्योतिर्धर सबके सुधारे काज... प्रमुखस्वामी की जन्म शताब्दी

घर-घर विचरे, पत्र-फोन से, हाथ हमारा थाम लिया
विश्व-एकता मधुर-सम्बंध के, अमृत में झकझोर दिया
बाजे बाजे बाजे, मृदंग बाजे बाजे, ढमके ढमके ढमके, ढोल ढमके ढमके
सकल विश्व में सत्संग-मधुवन, बिछा दिया शिरताज... प्रमुखस्वामी की जन्म (१)

मंदिरों की रचना से श्रद्धा जगाई कन कन में
बाल-युवा केन्द्र, संस्कार दे रहे हे जन-जन में
अनन्त हैं उपकार आपके, लें हम जन्म अनन्त
कभी नहीं ऋणमुक्त बनेंगे, भेंट किए भगवन्त
बाजे बाजे बाजे, मृदंग बाजे बाजे, ढमके ढमके ढमके, ढोल ढमके ढमके
भीतर कलिमल साफ किए, हम जीवन उजाले आज... प्रमुखस्वामी की जन्म (२)

जय बोलो जय बोलो प्रमुखस्वामी महाराजकी जय
सकल विश्व के आत्मीय हो प्रमुखस्वामी महाराज
बृहद् वैरागी हरिअनुरागी प्रमुखस्वामी महाराज.. जय बोलो जय बोलो
साधुगुणों से सदा विभूषित प्रमुखस्वामी महाराज
महंतस्वामी में प्रगट विराजित प्रमुखस्वामी महाराज
प्रमुखस्वामी महाराज शताब्दी महोत्सव की जय

कविः साधु अक्षरजीवनदास
गायकः पार्थिव गोहिल और गायकवृंद

પ્રમુખસ્વામીના પગલે પગલે જીવન જીવી જઈએ
મહંતસ્વામીનાં અમૃતવચનો શતાબ્દીએ ઉર ધરીએ
જીવન જીવી જઈએ ...ધ્રુવ

સાગર શા ગુણ પ્રમુખસ્વામીમાં  છલક છલક નિત્ય થાતા
હું આવું ને વધાવું સ્વામીને કૂદાકૂદ કરતા'તા
શાંતિદાયક પ્રેરક એમના ગુણો ઝીલી લઈએ... પ્રમુખસ્વામીના. ૧

તલમાત્ર પણ જીવન સ્વામીનું, નિજને માટે નો'તું
ખુબ ઘસાયા પરને કાજે, સમયનું બંધન નો'તું
હરિભક્તોને રાજી કરવા, કૂદી પડયા તમે ના ભુલાયે... પ્રમુખસ્વામીના. ૨

એવું કાર્ય કોઈ કરી શકે નહિ, ભવિષ્યમાં નહિ કરશે
જોયું અંતર્દૃષ્ટિ કરીને પગલે ચાલે તે તરશે
સૌને નિષ્ઠા કરાવવા એ  પ્રગટ્યા'તા અવનીએ... પ્રમુખસ્વામીના. ૩

નિત્ય પ્રાપ્તિનો વિચાર કરીએ સંબંધનો મહિમા કહીએ,
દોષો ઈર્ષા માન તજીને ભકતોની પદરજ લઈએ,
ગુણાતીત ગુરુ વર્ત્યા જેવું, એવું જીવન કરીએ,
શતાબ્દી ભવ્ય ઉજવીએ, ગુરુહરિને અનુસરીએ,
નિષ્ઠા બળથી જીવીએ, જીવન અક્ષર કરીએ

કવિ : સાધુ અક્ષરજીવનદાસ

ગાયક : જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ